ફો.કે.નં. ૧૪૨/૨૦૨૪ (ઠરાવ)

GJRJ080001682024

| | | |
|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | : | ૦૩–૦૪–૨૦૨૪ |
| નોંધ્યા તારીખ | : | ૦૩–૦૪–૨૦૨૪ |
| ફેંસલ તારીખ | : | ૨૫–૦૩–૨૦૨૬ |
| સમયગાળો | : | **વર્ષ માસ દિવસ**<br>૦૧ ૧૧ ૨૨ |

**ફોજદારી કેસ નં. ૧૪૨/૨૦૨૪** **:: નમૂના–અ ::** **આંક : ૪૧**

**જામકંડોરણાના જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (આકાશ પ્રમોદ વર્મા) સાહેબની કોર્ટમાં, મુ.જામકંડોરણા, જી. રાજકોટ.**

| | |
|---|---|
| ચૂકાદાની તારીખ | ૨૫–૦૩–૨૦૨૬ |
| ફો.કે.સંખ્યા | ૧૪૨/૨૦૨૪ |

**:: ગુનાની વિગત ::**

| | |
|---|---|
| ગુનાની કલમ | ગુજરાત પ્રોહિબિશન એકટ ૧૯૪૯ ની કલમ ૬૫(ઈ), ૧૧૬–બી. |
| પ્ર. માહિતી અહેવાલ સંખ્યા | III/૧૩/૨૦૧૮ |
| પોલીસ સ્ટેશન | જામકંડોરણા પોલીસ સ્ટેશન |
| ફરિયાદી પક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌધરી |
| આરોપી પક્ષ | ઘનશ્યામસિંહ ઉર્ફે ઘનો મહાવિરસિંહ વાળા, ઉ.વ.આ. ૨૬, રહે. અડવાળ, તા. જામકંડોરણા, જી. રાજકોટ. |
| રજુઆત | વિ.વ.શ્રી ડી.એમ.વેકરીયા, શ્રી આર.એ.સોજીત્રા |

**:: નમૂના–બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૩૦–૦૧–૨૦૧૮ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૩૦–૦૧–૨૦૧૮ |
| આખરી અહેવાલની તારીખ | ૦૩–૦૪–૨૦૨૪ |
| તહોમતનામાની તારીખ | ૦૪–૦૯–૨૦૨૪ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૨૮–૦૪–૨૦૨૫ |
| ચૂકાદા માટે રાખવાની તારીખ | .......... |
| ચૂકાદાની તારીખ | ૨૫–૦૩–૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | .......... |

## :: આરોપીની વિગત ::

| આરોપી નો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઘનશ્યામસિંહ ઉર્ફે ઘનો મહાવિરસિંહ વાળા | ૨૬–૦૯–૨૦૧૮ | ૦૧–૧૦–૨૦૧૮ | ગુજરાત પ્રોહિબિશન એકટ ૧૯૪૯ ની કલમ ૬૫ (ઈ), ૧૧૬–બી | નિર્દોષ | ના | |

## :: નમૂનો ક ::

**ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી**

**અ. ફરિયાદ પક્ષ**

| ક્રમ | સાહેદનું નામ | પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | દિનેશભાઈ મગનભાઈ રાઠોડ | પંચ સાહેદ |
| ફ.સ.૨ | ચિરાગભાઈ રમેશભાઈ ચુડાસમા | પંચ સાહેદ |
| ફ.સ.૩ | વિજયસિંહ કનકસિંહ જાડેજા | ત.ક.અ. |

**બ. બચાવ પક્ષ**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | | |
| ન્યા.સ.૧ | | |

નોંધ–ઉપરોકત સાક્ષીના પુરાવાના પ્રકારમાં લાગુ પડતો પુરાવાનો પ્રકાર જેમ કે, નજરે જોનાર સાક્ષી (પ્રત્યક્ષ સાક્ષી), પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી તરીકે સંબોધવું.

## ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

### અ. ફરિયાદ

| અનુક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૯ | પંચ સાહેદ – દિનેશભાઈ મગનભાઈ રાઠોડ |
| ૨ | ૨૦ | પ્રાથમીક પંચનામુ |
| ૩ | ૨૧ | પંચ સાહેદ – ચિરાગભાઈ રમેશભાઈ ચુડાસમા |
| ૪ | ૩૬ | ત.ક.અ. – વિજયસિંહ કનકસિંહ જાડેજા |
| ૫ | ૩૭ | ફરિયાદ |

### બ. બચાવ

| અનુક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| | | |
| | | |

### ક. ન્યાયાલય આંક

| અનુક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| | | |
| | | |

### ડ. ભૌતિક પદાર્થ

| અનુક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| | | |
| | | |

## :: ચુકાદો ::

(૧) ફરિયાદપક્ષનાં કેસની વિગત ટુંકમાં એવી છે કે, ગઈ તારીખ ૩૦–૦૧–૧૮ ના કલાક ૧૮:૩૦ વાગ્યા થી આ કામના ફરિયાદી એ.એસ.આઈ. ઈન્દ્રસિંહ નટુભા જાડેજા તથા પોલીસ કોન્સ્ટેબલ રવીરાજસિંહ જાડેજા તથા યુવરાજસિંહ જાડેજા તથા પોલીસ સબ ઈન્સ્પેકટર એસ.વી.ગોજીયા સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૯:૦૦ વાગ્યે અડવાળ ગામે બસ સ્ટેન્ડ પાસે આવતા પી.સી. રવીરાજસિંહ જાડેજા નાઓને ખાનગીરાહે હકીકત મળેલ કે, અડવાળ ગામના ઘનશ્યામસિંહ ઉર્ફે ઘનો મહાવીરસિંહ

વાળા જે અડવાળ ગામના રઘુભા ધીરૂભા જાડેજા ની વાડી પાસેની સરકારી જમીનમાં સાઠીયુના ભારા નીચે ઈંગ્લીશ દારૂ રાખી વેચાણ કરતા હોવાની હકીકત મળતા, રવીરાજસિંહ જાડેજા એ તુરંત જ તે અંગેની જાણ સાથેના સ્ટાફને કરતા તુરંત જ બે રાહદારી પંચો ને બોલાવી, પ્રાથમીક પંચનામુ કરી, પોલીસ સ્ટાફના માણસો વાહનમાં બેસી, કાચા ગાડા માર્ગે આગળ આવતા જમણી બાજુ પડી ગયેલ ઓરડી ની સામેના ખેતરમાં ઘઉંનું વાવેતર હોય અને તે ખેતાર રઘુભા ધીરૂભાનું હોય જે ખેતરના શેઢા બાદ સરકારી ખરાબામાં સાઠીયુનાં ભારા પડેલ હોય જેથી તે જગ્યાએ વાહન ઉભુ રાખી કલાક ૧૯:૪૦ વાગ્યે રેઈડ કરતા સાઠીયુંના ભારા નીચે થી પુંઠ્ઠાના  પાંચ બોકસ નીકળેલ જેમાં તપાસ કરતા ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઈંગ્લીશ પીવાના દારૂની કાચની ૭૫૦ એમ.એલ. ની દારૂ ભરેલી બોટલો કંપની શીલ પેક હોય જે પાંચ બોકસની કુલ બોટલ નંગ–૬૦, હોય જે દરેક બોટલ પર અંગ્રેજીમાં સીડીબી ગ્રુપ રોયલ જનરલ રીઝર્વ વિસ્કી ફોર સેલ ઈન અરૂણાચલપ્રદેશ ઓન્લી તેમજ ૭૫% પ્રુફ ૪૨.૮% વી.વી. બેન્ચ નં. ૦૧ લખેલ છે જે એક બોટલની કિં.રૂા. ૩૦૦/– ગણી ૬૦ બોટલની કિં.રૂા. ૧૮,૦૦૦/– ગણી કબજે કરેલ જે પૈકી એક બોટલ કેમી. તપાસણી અર્થે રાખેલ છે. આમ, મજકુર ઈસમે ગેરકાનુની પાસ પરમીટ કે આધાર વગર ભારતીય બનાવટની પર પ્રાંતીય ઈંગ્લીશ પીવાના દારૂની કંપની શીલ પેક જુદી જુદી બ્રાન્ડની કુલ બોટલ નંગ–૬૦, કિં.રૂા.૧૮,૦૦૦/– નો વેચાણ કરવાના ઈરાદે રાખેલ હોય,  જેથી મજકુર ઈસમે ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ ૬૫(ઈ), ૧૧૬–બી મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ હોય, પંચનામાની વિગતે  આરોપીને ધોરણસર અટક કરવામાં આવેલ.  ત્યારબાદ, આ કામના ફરિયાદીએ ગુના સબબ જામકંડોરણા પોલીસ સ્ટેશને એફ.આઈ.આર. નંબર III/૧૩/૨૦૧૮, તારીખ ૩૦–૦૧–૨૦૧૮ થી આપેલ અને આરોપી વિરૂધ્ધ સંબંધીત તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસ પુર્ણ  થતા ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ ૬૫(ઈ), ૧૧૬–બી મુજબ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ, આરોપીને કોર્ટ સમક્ષ હાજર રહેવા માટે સમન્સ કાઢતા આરોપી કોર્ટ સમક્ષ હાજર રહેલ અને આરોપી ને ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ ૨૦૭ મુજબ આરોપીને તમામ કેસ પેપર્સ ની નકલ વિના મુલ્યે આપવામા આવેલ અને ત્યારબાદ આંક–૦૭ થી તહોમતનામુ ફરમાવી આંક–૦૮ થી આરોપી ની પ્લી રેકર્ડ કરવામા આવેલી જેમા આરોપી એ ગુનો કબુલ નહી કરતા હાલનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ, હાલનો કેસ ફરિયાદપક્ષ ના પુરાવાના તબકકે રહેતા ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**-:મૌખીક પુરાવો:-**

| ક્રમ | મૌખીક પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ - દિનેશભાઈ મગનભાઈ રાઠોડ નાઓની જુબાની | ૧૯ |
| ૨ | પંચ સાહેદ - ચિરાગભાઈ રમેશભાઈ ચુડાસમા નાઓની જુબાની | ૨૧ |
| ૩ | ત.ક.અ. - વિજયસિંહ કનકસિંહ જાડેજા નાઓની જુબાની | ૩૬ |

**-:દસ્તાવેજીપુરાવો:-**

| ક્રમ | દસ્તાવેજી પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | પંચનામુ | ૨૦ |
| ૨ | ફરિયાદ | ૩૭ |

(૪) ફરિયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એ ફરિયાદપક્ષ નો પુરાવો પુરો થયાની મૌખીક જાહેરાત કરતા આ કામે આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૩૧૩ મુજબ વિશેષ નીવેદન લેવામા આવેલ છે, જેમાં તેઓએ ફરિયાદપક્ષના પુરાવાને નકારી કાઢેલ છે અને પોતે નિર્દોષ હોવાનુ તેમજ તેમના પક્ષના કોઈ સાક્ષી કે પુરાવો રજુ નહી કરવા જણાવેલ છે.

(૫) ત્યારબાદ આ કામે ફરિયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી તથા બચાવ પક્ષે આરોપીઓના વિધ્વાન વકીલ શ્રી ની દલીલ સાંભળવામા આવેલ છે.

(૬) હાલના કેસના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. *શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી ઘનશ્યામસિંહ ઉર્ફે ઘનો મહાવિરસિંહ વાળા નાઓએ તા. ૩૦-૦૧-૨૦૧૮ ના કલાક ૧૯:૪૦ વાગ્યે અડવાળ ગામની સીમમાં ગેરકાનુની પાસ પરમીટ કે આધાર વગર, વેચાણ કરવાના ઈરાદે સરકારી ખરાબામાં સીડીબી ગ્રુપ રોયલ જનરલ રીઝર્વ વિસ્કી બ્રાન્ડની ભારતીય બનાવટની પરપ્રાંતીય ઈંગ્લીશ પીવાના દારૂની બોટલ નંગ-૬૦, કિં. રૂા. ૧૮,૦૦૦/- નો મુદ્દામાલ રાખી મજકુર ઈસમે ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ*

*૬૫(ઈ), ૧૧૬–બી મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?*

૨. *શું હુકમ ?*

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો તેના કારણો સાથે નીચે મુજબ છે.

મુદ્દા નં.(૧) નકારમાં.

મુદ્દા નં.(૨) આખરી હુકમ મુજબ.

**:: કારણો ::**

**મુદ્દા નં.૧ :–**

(૮) ફરિયાદપક્ષના કેસની ઉપરોકત હકીકત જોતા ફરિયાદપક્ષે આરોપીને જો આ ગુન્હા હેઠળ દોષી ઠરાવવું હોય તો તેઓને આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ – ૬૫(ઈ), ૧૧૬–બી ના આક્ષેપોની અગત્યની હકીકતો પુરવાર કરવી પડે. જેથી આ કેસના ન્યાયીક નિર્ણય સારુ પહોંચતા પહેલા આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હાની કલમોની ટુંકમાં ચર્ચા કરવી જરૂરી જણાય આવે છે.

**65(e)** [possesses, transports, sells or buys] any intoxicant [(other than opium)] or hemp, or

**[116B. No analysis required for known brand of liquor.** - Where in any trial for any offence of unlawful possession of liquor under this Act, it is proved that the accused person was in the possession of any sealed bottle bearing the original label indicating the name of any known brand of spirits, such as whisky, brandy, rum, gin, club cup, liqueurs, milk punch, or of wines wuch as champagne, moselle, burgundy, chianti, white wines, clarets, hocks, riesling, meceira, ginger-wine, prot type, port vermouth, sherry wincarnis, vibrona, manola, buckfast, tonic-wine or of fermented liqueurs such as ale, beer, milk-stout (porter), cider, and the name of its manufacturer it shall be presumed that the accused person was in possession of liquor.]

(૯) ફોજદારી કાર્યરીતી પ્રણાલી પ્રમાાણે ફરિયાદપક્ષ તરફે આરોપી વિરૂધ્ધ આક્ષેપીત ગુનાઓ હર કોઈ શંકાથી પર સાબીત કરવાના હોય અને તે મુજબ આ જવાબદારી ફરીયાદ પક્ષના શીરે છે. ફરિયાદપક્ષે માત્ર સભંવિતતા દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી ઉપરનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનુ રહે છે. આ કામે આરોપી વિરૂધ્ધ ગુનો પુરવાર કરવા સારૂ ફરિયાદપક્ષ ધ્વારા ભારતીય પુરાવા અધિનીયમ ૧૮૭૨ ની કલમ ૧૦૧ થી ૧૦૩ મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(૧૦) સદરહું મુદ્દા અંગે રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લઈ ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો આ કામે આંક–૧૯ તથા આંક–૨૧ થી ક્રમશ: પંચ સાહેદ દિનેશભાઈ મગનભાઈ રાઠોડ તથા ચિરાગભાઈ રમેશભાઈ ચુડાસમા નાઓને સરકારપક્ષે તપાસવામાં આવેલ છે અને તેઓ ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર પણ સમર્થન આપેલ નથી, તેઓ ફકત પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવે છે અને પંચનામુ આંક–૨૦ થી રજુ કરેલ છે. પંચ સાહેદોને ફરિયાદપક્ષે ફરી ગયેલ જાહેર કરી વિ. એ.પી.પી. શ્રી ધ્વારા તેઓની કોર્ટની પરવાનગીથી ઉલટ તપાસ કરવામા આવેલી છે પરંતુ ઉલટ તપાસમા પણ કોઈ સમર્થન કારી પુરાવો ફરિયાદપક્ષ કઢાવી શકેલો નથી.

(૧૧) આ કામે આંક–૩૬ થી તપાસ કરનાર અધીકારી – વિજયસિંહ કનકસિંહ જાડેજા નાઓને તપાસવામાં આવેલ છે અને તેઓ જુબાની દરમ્યાન જણાવે છે કે, ગઈ તા.૩૧ –૦૧–૧૮ ના રોજ ફરિયાદીશ્રી ઈન્દ્રસિંહ નટુભા જાડેજાનાઓએ આરોપી ઘનશ્યામસિંહ મહારવિરસિંહ વાળા રહે.અડવાળા વાળા વિરૂધ્ધમાં પ્રોહી કલમ–૬૫(ઈ),૧૧૬(બી) મુજબનો ગુનો રજીસ્ટર કરાવી જે ગુનાની ફરિયાદની ખરી નકલ મને બતાવવામાં આવે છે જે જોઈને કહુ છું કે તેમાં ફરીયાદી તરીકે ઈન્દુભા જાડેજાની સહી છે જે હું ઓળખું છું જે આંક–૩૭ થી રજુ છે. સદર ફરિયાદી ઈન્દુભાનું અવશાન થતા આ ગુનાની આગળની તપાસ અમોને સોંપેલ હોય જેથી આ ગુનાના આરોપીને અમોએ અટક કરેલ અને આગળની તપાસ કરી આરોપી વિરૂધ્ધ પૂરતા પુરાવા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખી શકુ આરોપી તરફે મૂકિત રીપોર્ટ આપેલ હોય ઓળખ અંગે તકરાર નથી.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસ દરમ્યાન કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે, ફરીયાદીની ફરીયાદમાં કયા વાહનમાં પેટ્રોલીંગમાં ગયેલાં તથા પંચોનાં નામ ઉલ્લેખ કરેલો

નથી. એ વાત ખરી છે કે, પંચો બનાવવાળી જગ્યાએથી ઘણાં દુર રહે છે. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએ જાહેર વિસ્તાર છે અને ત્યાં આજુબાજુ માણસો અવર જવર કરતા હોય છે. એ વાત ખરી છે કે, આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદન લીધેલાં નથી. એ વાત ખરી નથી કે, ફરીયાદીએ કામગીરી બતાવવા ખોટી ફરીયાદ કરી, તેના સમર્થનમાં અમોએ ખોટી તપાસ કરી આરોપી સામે ખોટું ચાર્જશીટ કરેલું છે.

**(૧૨)** વધુમાં, આ કામના મહત્વપૂર્ણ સાહેદ ફરિયાદી ઈન્દ્રસિંહ નટુભા જાડેજા નાઓને પ્રોસેસ કાઢતા આંક–૩૩ ના પ્રોસેસ સાથે ફરિયાદી ઈન્દ્રસિંહ નટુભાઈ જાડેજા નાઓનું મરણ સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલ છે. વધુમાં, તપાસ કરનાર અમલદારની આંક–૩૬ ની જુબાની ઉપરથી પણ આ હકીકતને સમર્થન મળે છે. જેથી આ કામના મહત્વપૂર્ણ સાક્ષી ફરિયાદીને ફરિયાદપક્ષ તપાસી શકેલ નથી.

**(૧૩)** આ કામે ફરિયાદમાં ફરિયાદીએ જણાવ્યુ છે કે, બનાવના દિવસે આરોપીના કબજા ભોગવટા માંથી ફરિયાદમા જણાવેલ મુદ્દામાલ મળી આવેલો અને તે અંગેનુ પંચનામુ પંચો રૂબરૂ કરવામા આવેલુ. ફરિયાદીએ સરતપાસમા ફરિયાદની હકીકતોને સમર્થન આપેલુ છે અને જણાવ્યુ છે કે, બનાવના દિવસે આરોપીના કબજા ભોગવટા માંથી ફરીયાદમા જણાવેલ મુદ્દામાલ મળી આવેલો જે પંચો રૂબરૂ કબજે કરવામા આવેલો. ફરિયાદપક્ષે મુદ્દામાલ જે પંચ સાહેદોની હાજરીમા કરવામા આવેલો છે, તેઓને સાક્ષી તરીકે તપાસેલા છે પરંતુ બન્ને પંચ સાહેદો પૈકી કોઈ પણ પંચ સાહેદે તેઓની હાજરીમા આરોપી પાસેથી ફરિયાદમા જણાવેલ મુદ્દામાલ કબજે કરવામા આવેલ હોય, તેવી હકીકતને સમર્થન આપેલ નથી. આમ, ફરિયાદ કરતા અગાઉ પંચો હાજર હોવા છતાં, ફરિયાદમા પંચોના નામ જણાવેલા નથી જે ફરિયાદીની ફરિયાદ અંગે શંકા ઉપજાવે છે. પંચ સાહેદોએ પંચનામાની વિગતોએ સમર્થન આપેલુ નથી. આ તબકકે ગુજરાત વડી અદાલત, **માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિ. સ્ટેટ ઓફ ગુજરાત સને–૨૦૧૨(૦) જી.એલ.એચ.ઈ.એલ. –એચ.સી.–૨૨૭૬૯૮**

> '' જો પંચો ફરિયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી પંચનાામાં મુજબ રીકવરી કરેલ મુદ્દામાલ સીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતુ હોય તેમજ ફરીયાદ પોતાનો કેસ પુરવાર કરવા માટે સ્વતંત્ર સાહેદો તપાસેલા ન હોય

અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો પુરાવો વિરોધાભાસ જણાતો હોય, આરોપીને શંકાનો લાભ આપી શકાય.''

ઉપરોકત ચુકાદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત હાલના કેસમાં લાગુ પડે છે. નામદાર ઉચ્ચ અદાલત ના ચુકાદાઆઓ માં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતા જયારે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મુદામાલ મળી આવેલ છે તે બાબતે પંચો સમર્થન ન કરતા હોય તો પોલીસ સાહેદોના પુરાવાને માની શકાય નહી. એ નોંધવુ આવશ્યક છે કે,પોલીસ સાહેદોના પુરાવાને અત્રેની કોર્ટ નકારતી નથી. પરતુ પોલીસ સાહેદોના પુરાવાની કોઈ સ્વત્રંત સાહેદો અથવા કે રીકવરી ડિસ્કવરી પંચોનુ પુરાવો સમર્થનકારક હોવો જરૂરી છે ફકત પોલીસ સાહેદોના નિવેદનો ઉપર થી અને ફરિયાદ ઉપર થી તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ઉપરોકત સંજોગોમાં નામદાર વડી અદાલત ધ્વારા આપવામાં આવેલ ચુકાદાથી પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેવામાં આવેલ છે.

***The state of Gujrat VS Yadvendrasing Sardar Surjitsing Jat (Shikh) & Ors.2014(4) GLR 3159***

*"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper"*

તેમજ, તપાસ કરનાર અમલદાર ધ્વારા કોઈ સ્વતંત્ર સાહેદો ના નિવેદનો લેવામા આવેલા નથી. આમ, બનાવ સમયે આરોપીના કબજા ભોગવટા માંથી ફરીયાદમા જણાવેલ મુદ્દામાલ મળી આવેલો હોય, તે હકીકત ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલો નથી. તપાસ કરનાર અમલદાર ધ્વારા જે જગ્યાએથી મુદ્દામાલ મળી આવેલો છે તેની માલીકી અંગેના કોઈ પુરાવા પણ મેળવવામા આવેલા નથી. વધુમાં આ કામે એફ.એસ.એલ.રીપોર્ટ પણ રજુ થયેલ નથી.

**(૧૪)** ફોજદારી કાર્યરીતી પ્રમાણે આરોપી સામેના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષ ઉપર રહેલી છે. પરંતુ તે કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ જાય છે અને પુરાવા અધિનીયમ સિધ્ધાંત અનુસાર જો પુરાવામાં શંકાઓ ઉભી થાય તો તેનો સિધો લાભ આરોપીને મળવાપાત્ર છે. જેથી, મુદ્દા નં.૧ નો જવાબ નકારમા આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –: હુકમ :–

| | |
|---|---|
| **૧.** | આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે ગુજરાત (બોમ્બે) પ્રોહિબિશન એકટની કલમ ૬૫(ઈ), ૧૧૬–બી મુજબના શિક્ષાપાત્ર ગુના માંથી વિશ્વસનીય પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. |
| **૨.** | આરોપીએ ફોજદારી કાર્યરીતી સંહીતા,૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) મુજબ રૂપીયા ૫૦૦૦/– ના સધ્ધર જામીન તેમજ તેટલી જ રકમ ના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે. |
| **૩.** | મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. |

**હુકમ આજરોજ તારીખ–૨૫ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ– જામકંડોરણા.
તારીખ –૨૫–૦૩–૨૦૨૬

Sd/-
**આકાશ પ્રમોદ વર્મા**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,જામકંડોરણા.
જજ કોડ જી.જે ૦૧૭૦૭